
# નવસર્જન નિમિત્તે મહાકાળની તૈયારી



– શ્રીરામ શર્મા આચાર્ય

# નવસર્જન નિમિત્તે મહાકાળની તૈયારી

લેખક

પં. શ્રીરામ શર્મા આચાર્ય

પ્રકાશક :

યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

ગાયત્રી તપોભૂમિ, મથુરા.

ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન

શાખા અમદાવાદ

ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,

જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન ૦૭૯-૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ-૨૦૧૦ કિંમત રૂ. ૬.૦૦

# અનુક્રમણિકા


| | | પાન નંબર |
|---|---|---|
| ૧. | જે ઉચિત નથી તેનો વિરોધ | ૩ |
| ૨. | દંડ પણ અને પ્યાર પણ | ૬ |
| ૩. | યુગ સંધિના હવે પછીના દિવસો | ૧૦ |
| ૪. | બુદ્ધિ સંગત પ્રમાણોનો સ્વીકાર | ૧૪ |
| ૫. | પ્રગતિની દિશામાં વધતા પ્રયત્નો | ૧૮ |
| ૬. | ઉપસ્થિત સમસ્યાઓ ઉકેલાઈ રહી છે | ૨૨ |
| ૭. | યુગાન્તરીય ચેતનાનો ભવ્ય વિસ્તાર | ૨૫ |
| ૮. | હવે પછીના દિવસોમાં જે કરવાનું છે | ૨૮ |
| ૯. | યુગના (અવતરણની) જન્મની પ્રક્રિયા | ૩૧ |

# જે ઉચિત નથી તેનો વિરોધ

ક્યારેક-ક્યારેક એવો સમય આવે છે કે આભડછેટની બીમારીની માફક અત્યાચાર પણ ગતિ પકડી લે છે અને પોતાની મેળે અમરવેલની માફક વધવા લાગે છે. પોતાનું અંગત મૂળ ન હોવા છતાં પણ આ વેલ વિસ્તરવા લાગે છે અને જોતજોતામાં કોઈ વૃક્ષ ઉપર સંપૂર્ણ રીતે છવાઈ જાય છે. વનસ્પતિઓ ઉપર ચોંટવાવાળા કીડા પણ બીજા કોઈની સહાયતા વગર પોતાની વંશ-વૃદ્ધિ કરે છે અને તેનો નાશ કરી નાંખે છે.

ખરાબ ચિંતન અને ભ્રષ્ટ આચરણ અત્યારના સમયમાં એક રીતે પ્રચલન (ફેલાવા) જેવું બની ગયું છે. પૃથ્વીની ગુરૂત્વાકર્ષણ શક્તિ દરેક વસ્તુને નીચેની તરફ જ ખેંચી લાવે છે. પાણી પણ કોઈ પણ જાતના પ્રયત્ન વગર નીચેની તરફ ગતિ પકડે છે. દૂષ્ટતાની પ્રવૃત્તિ પણ આવી જ છે. તે પતન અને નિષ્ફળતાની દિશા જ પકડે છે, જ્યારે કોઈને ઉપર ઉઠાવવા માટે સામાન્ય કષ્ટદાયક પરિશ્રમ કરવો પડે છે.

ઉદાહરણ તરીકે રાવણ જન્મ્યો ત્યારે એકલો જ હતો. તેના પુત્રો-પૌત્રોએ જ નહી, વંશવારસ અને પ્રજાજનોએ પણ તે રીતિ-નીતિ અપનાવી લીધી હતી. બધે જ અત્યાચાર ફેલાયો હતો. કંસ, જરાસંઘ, વૃત્તાસુર, મહિષાસુર વગેરેએ પણ પોતાના સમયમાં આવો જ ક્રમ અપનાવ્યો હતો અને અનાચાર બધે જ દેખાવા લાગ્યો હતાં. આવા અશુભ પ્રસંગો સંસારના ઈતિહાસમાં અનેક વખતે આવતા રહ્યા છે, પણ બ્રહ્માનું નિર્ધારણ એવું હોય છે કે અયોગ્યતાને મર્યાદા બહાર વધવા નથી દેતી. નાના બાળકો જ્યાં સુધી મર્યાદિત ભૂલો કરે છે ત્યાં સુધી વાલી તેને છૂટ આપતા રહે છે, પણ જ્યારે તે મર્યાદાઓને ઓળંગીને ખરાબીને પકડવા લાગે ત્યારે તેના ગાલ ઉપર તમાચો મારવાના અને કાન આમળવાનો પ્રયોગ પણ કરવામાં આવે છે. જો આમ ન થાય તો ખરાબી વધતી જ જાય અને જગતની બધી જ

વ્યવસ્થા તૂટતી જ જાય.

છેલ્લા બે હજાર વર્ષ એ રીતે વિત્યા છે, જેમાં અનીતિએ અને અત્યાંચારે પોતાની બધી મર્યાદાઓ ઓળંગી નાંખી છે. સમર્થ લોકોએ અસમર્થ લોકોને ત્રાસ આપવામાં કંઈ બાકી નથી રાખ્યું. સામંતવાદી યુગના નામે આને અંધકાર યુગ કહેવામાં આવી રહ્યો છે. સમર્થ લોકોએ એકઠા થઈ પોતાની સંયુક્ત શક્તિનો દૂરપયોગ થવામાં પણ કોઈ કસર નથી રાખી. આ સમયમાં પીડિતોએ પણ માનવીય મર્યાદાને અનુરૂપ કોઈ વિરોધ નથી કર્યો. કષ્ટ ભોગવવું જ છે તો બીજાનું નહીં તો પોતાનું લોહી તો વહેવડાવી જ શકે છે. સંકટમાં સામનો કરવાની મનુષ્યની આ સાશ્વત સામર્થ્ય જ તેની વિશેષતા રહી છે. મનુષ્ય ખરેખર એવી માટીનો બનેલો છે કે તે અનીતિથી જીતી ભલે ન શકે પણ તેની સાથે ટક્કર તો લઈ જ શકે છે. અનીતિને કોઈ રોકટોક વગર ચાલવા દેવામાં અથવા તેને કરવાની જગ્યાએ તેની સાથે ટકરાઈને માનવીય પ્રતિષ્ઠાને જગાવવાની પણ જરૂર છે.

જ્યારે અત્યાચારી લોકો પોતાની દૂષ્ટતા કરતા અટકતા નથી અને સતાયેલા લોકો કાયરતા અને બીક સ્વીકારી તેની સાથે ટકરાવાની નીતિ અપનાવતા નથી તો તેને પણ ખોટું લાગે છે કે જેણે આ સૃષ્ટિનું સર્જન કર્યું. સર્જકનો આક્રોશ ત્યારે ઉભરાય છે, જ્યારે અત્યાચારી પોતાની પ્રવૃત્તિઓ છોડતા નથી અને પીડાયેલા લોકો તેને રોકવા માટે તૈયાર નથી થતા. સંસારમાં અત્યાચારનું અસ્તિત્વ તો છે પણ તેની સાથે એ વિધાન પણ છે કે સતાયેલો હારે કે જીતે તેનો વિચાર કર્યા વગર, પ્રતિકાર માટે કે વિરોધ માટે તૈયાર તો રહે જ. દયા, ક્ષમા વગેરેને નામે અનીતિને વધારવી હમેશાં નકામું સમજવામાં આવ્યું છે. અનીતિના પ્રતિકારને માનવીય પ્રતિષ્ઠા સાથે જોડવામાં આવી રહ્યો છે.

જ્યારે ભૂલો બન્ને બાજુએ થાય છે તો પોતાની વ્યવસ્થા ખરાબ થઈ છે તેવું જોઈને સર્જનહારને પણ ક્રોધ આવે છે અને જે મનુષ્ય

નથી કરી શકતો તેને પૂર્ણ કરવા માટે તૈયાર થાય છે. અવતાર પરંપરા આને જ કહે છે. જ્યારે પણ આવો સમય આવે છે ત્યારે સર્જનહાર પોતાના હાથમાં સંચાલન લઈ લે છે અને અસમતોલનને સમતોલનમાં બદલવાનો પ્રયત્ન કરે છે. 'યદા-યદા હી ધર્મસ્ય' વાળી પ્રતિજ્ઞાના નિર્વાહ માટે તે બંધાયેલા છે. તેને સમયે-સમયે પોતાના આશ્વાસનનો નિર્વાહ પણ કર્યો છે.

પોતાના સમયને 'પ્રગતિનો યુગ' કહેવામાં આવે છે. આ વખતે જ્ઞાન અને વિજ્ઞાનનો ઘણો જ વિસ્તાર અને વિકાસ થયો છે. તેની સાથોસાથ સુવિધાના સાધનો પણ વધ્યા છે. પ્રાચીન કાળમાં આટલા સાધન હતા નહીં, છતાં પણ સર્વ જનને સુખ-ચેનથી હસતાં હસતાં દિવસ પસાર કરવાનો મોકો મળી જતો. પણ હવે સુવિધાનો વધારો થયો હોવા છતાં દરેક વ્યક્તિને ઉદાસ, દુઃખી અને વિપત્તિગ્રસ્ત જોઈ શકાય છે. આનું કારણ વસ્તુઓની ઊણપ નથી. પરંતુ જે કંઈ ઉપલબ્ધ છે તેનો સદ્‌ઉપયોગ થઈ શકતો નથી. બુદ્ધિમત્તાનું વાસ્તવિક સ્વરૂપ એ જ છે કે જે કંઈ મળેલું છે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં આવે. મનુષ્યની જરૂરિયાતો સીમિત છે, સાથોસાથ તેની ઉત્પન્ન કરવાની શક્તિ અસાધારણ છે. આટલું બધું થયું હોવા છતાં તેને આશ્ચર્ય જ કહેવામાં આવે કે લોકોમાંના મોટાભાગના લોકો ઉદાસ, વિપત્તિગ્રસ્ત અને દુઃખી જોઈ શકાય છે. આ આપણા સમયની સૌથી મોટી સમસ્યા છે. આનું સમાધાન કરવું જોઈએ નહીંતર સમૃદ્ધિની સાથે લોકોની મુશ્કેલીઓ પણ વધતી જ જશે.

જ્ઞાન અને વિજ્ઞાનનો સદ્‌ઉપયોગ એમાં છે કે તેને નીતિમત્તાની સાથે પ્રયોગમાં લાવવામાં આવે. સદ્‌ઉપયોગથી દરેક વસ્તુ સુખદ અને ફાયદાકારક બની રહે છે. પણ જો ખરાબ બુદ્ધિ અપનાવી વસ્તુઓનો દુરુપયોગ કરવામાં આવે તો પછી સમજવું જોઈએ કે તેનું ખરાબ ફળ ભોગવવું જ પડશે અને મનુષ્ય પુરુષાર્થ કરતો હોવા છતાંય અસંતોષ, અભાવ અને દુઃખી હાલતમાં જ પડી રહેશે. અત્યારના સમયમાં આ જ

થઈ રહ્યું છે. વસ્તુઓની ઉણપ નથી તેનો દુરઉપયોગ જ બધા લોકોને પરેશાન કરે છે. જો મૂળ કારણને ઘટાડવામાં કે દૂર કરવામાં ન આવે તો તે સમસ્યાઓને હલ કરી નહીં શકાય, જે આપણને હેરાન પરેશાન કરી રહી છે.

મનુષ્યને તેની સામાન્ય જરૂરિયાતથી એટલી વધારે સમર્થતા મળી છે કે તે પોતાની અંગત જરૂરિયાત સિવાય પોતાના પરિવાર, વિસ્તાર અને સંપર્કક્ષેત્રની જરૂરિયાતો પણ પૂરી કરી શકે, છતાં પણ થાય છે આનાથી ઉલટું જ. લોકો દુઃખ મેળવતા અને દુઃખ આપતા જોવા મળે છે. આનું કારણ એક જ છે ઉપલબ્ધિઓનો દુર ઉપયોગ થવો. દરેકને સમય, શ્રમ, મનોયોગ, કૌશલ્ય વગેરેના સહારે ઘણું જ કરવાની સમર્થતા મળેલી છે છતાં પણ નવાઈની વાત તો એ છે કે બીજાઓની મદદ કરવી તો દૂર, પોતાની અંગત જરૂરિયાતો પણ પૂરી થઈ શકતી નથી.

ભગવાનની નીતિ જ્યાં સૌજન્ય તરફ સંવેદનાનું પ્રદર્શન છે, ત્યાં બીજી તરફ ખરાબ પ્રવૃત્તિ તરફ કઠોરતાપૂર્વકનો વ્યવહાર પણ છે. છેલ્લા બે હજાર વર્ષોથી દરેક ક્ષેત્રમાં ખરાબ પ્રવૃત્તિ થઈ રહી છે. શક્તિ જરૂરિયાત કરતાં વધુ હાથ લાગવાથી લોકો અત્યાચારની નીતિ અપનાવવા લાગ્યા છે. મર્યાદાઓને પણ ભૂલાવી દીધી છે અને એવું કરવા માટે ઉતાવળા બની ગયા જે કરવા જેવું નથી. આવી દશામાં જ્યારે ગુસ્સો કરવાથી કામ ન ચાલ્યું તો સર્જનહારે પીડા આપવાની નીતિ અપનાવી અને એવું કર્યું જે ખરાબ પ્રવૃત્તિ કરનાર માટે કરવું જોઈએ.

## દંડ પણ અને પ્યાર પણ

શક્તિનો સદ્‌ઉપયોગ સજ્જનો દ્વારા થઈ શકે છે. દુર્જનો તેનો દુરઉપયોગ કરતા જોવા મળે છે. છેલ્લા દિવસોમાં જ્ઞાન અને વિજ્ઞાનના જે સૂત્રો હાથ લાગ્યાં છે તેનો અનર્થકારી ઉપયોગ કરવામાં આવ્યો.

વિજ્ઞાન દ્વારા યુદ્ધના ઉન્માદને (પાગલપણાને) પૂર્ણ કરવાના સાધનો વિકસાવવામાં આવ્યા. ઔદ્યોગીકરણથી એ વિચારવામાં આવ્યું કે જેમ બને તેમ જલદી અને વધારે ધન એકઠું કરવામાં આવે. બુદ્ધિને છળ કપટમાં વાપરવામાં આવી. શક્તિને દૂર્બળોના શોષણ માટે વાપરવામાં આવી. ટૂંકમાં, એ કે, આ દિવસોની સિદ્ધિઓનો ઉપયોગ, જેને સરળ અને સ્વાભાવિક માનીને કોઈ પણ જાતની રોકટોક સિવાય કરવામાં આવ્યો.

વિજ્ઞાન દ્વારા મળતી સમર્થતાનો પણ આ રીતે ઉપયોગ થતો ગયો. પરિણામ જે આવવાનું હતું તે આવ્યું. બધે જ પ્રદૂષણ ફેલાઈ ગયું. શક્તિશાળી નિર્ભય થઈ અત્યાચાર વરસાવતા રહ્યા. ઔચિત્યની મર્યાદાઓને એક રીતે ભૂલાવી દીધી. આ છે આપણા સમયની સિદ્ધિઓ જેને ચતુરતાનું નામ આપવામાં આવે છે જે રીતિ-નીતિને મોટાભાગના લોકો અપનાવે છે તે એક રીતે પ્રથા બની જાય છે અને રિવાજનું રૂપ ધારણ કરી લે છે. આ દિવસોનો રિવાજ એ જ છે. કપટ અને અત્યાચારનો છૂટથી ઉપયોગ થઈ રહ્યો છે. નિયંત્રણ સત્તાના આક્રોશનો ભય જ દૂર થઈ ગયો છે.

આ અત્યાચાર જગત-વ્યવસ્થામાં હમેશાં પ્રતિકૂળ છે. ક્રિયાની પ્રતિક્રિયા ન હોય તો સંસારમાં અવ્યવસ્થા થઈ જાય. ન્યાયનું અસ્તિત્વ જ ના રહે. પાપથી કોઈ ડરે જ નહીં, અનીતિપૂર્વક લૂંટમાર કરવા માટે દરેક આતુર થવા લાગે. પણ આમ થતું નથી. જેણે આ જગત બનાવ્યું છે તેણે ક્રિયાની પ્રતિક્રિયાનો નિયમ પણ બનાવ્યો છે. પરિણામે અત્યાચાર ઉપર ઉતરેલા મનુષ્યને યોગ્યતાનો દંડ પણ સહેવો પડે છે. છેલ્લી સદીમાં બે વિશ્વયુદ્ધ અને લગભગ ૨૦૦ ક્ષેત્રીય યુદ્ધ થયા છે, જેમાં એવા ઘાતક શસ્ત્રોનો ઉપયોગ કરવામાં આવ્યાં છે કે લોકોને અપાર ધનનું અને વ્યક્તિઓનું નુકસાન વેઠવું પડયું છે. હવા અને જળમાં એટલું ઝેર ફેલાઈ ગયું કે લોકો મુશ્કેલીથી જીવન પસાર કરી રહ્યા છે. અપરાધોનું પૂર આવ્યું છે. શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય

બગડી ગયું છે. દરેક શંકાશીલ અને આતંકિત દેખાઈ રહ્યું છે. આ પરિસ્થિતિમાં કોઈ ચેનથી રહી શકતું નથી. આવનાર દિવસોમાં આ પરિસ્થિતિ વધારે બગડવાની ચેતવણી બધા વૈજ્ઞાનિકો આપી રહ્યા છે.

મનુષ્યને ઘણું જ સોંપવામાં આવ્યું છે પણ એટલું નહીં કે તે સૃષ્ટિની બધી જ વ્યવસ્થા ખરાબ કરીને ફેંકી દે. તેને સંરક્ષક, માળી અને અભિવૃદ્ધિ કરવાની જવાબદારી સાથે મોકલ્યો છે. તેને એટલા માટે નથી મોકલ્યો કે તે આ સુરમ્ય ઉદ્યાનમાં ચાલતા કામને નકામા કરી નાંખે.

જ્યાં સુધી સાચી ચાલ, સાચી ગતિ, અને સાચી રીતિ-નીતિ અપનાવી રાખી ત્યાં સુધી બધું ઠીક-ઠાક ચાલતું રહ્યું. પ્રકૃતિનું સંતુલન યોગ્ય બની રહ્યું. પરિસ્થિતિઓ બધી રીતે યોગ્ય બની રહી. આવા જ સંતુલિત અવસરને 'સતયુગ' નામ આપવામાં આવે છે. મનુષ્યોમાં પરસ્પરનો સ્નેહ અને સહયોગ બની રહેવાથી બધાને પરસ્પરનો સદ્ભાવ મળતો રહ્યો. પ્રકૃતિની અનુકૂળતા બની રહી. કોઈને એવા અનિષ્ટ સહેવા ન પડયા જે પ્રકૃતિની પ્રતિકૂળતાને કારણે ઊત્પન્ન થયા હોય. સુખ-શાંતિનું વાતાવરણ બનાવી રાખવું એ અહીંની પરંપરા છે. જ્યાં સુધી મનુષ્યે પોતાની મર્યાદાઓ બનાવી રાખી ત્યાં સુધી બધું જ સુખદ અને સુંદર જ બની રહ્યું.

આ જગતમાં જ્યાં સારા આશયના ઉપહાર મળતા રહ્યા છે, ત્યાં એ વ્યવસ્થા પણ છે કે જો ઉદ્દંડતાપૂર્ણ અત્યાચાર થવા લાગ્યા તો તરત જ નહીં પણ થોડી વાર પછી તેનું કડવું ફળ જરૂર મળવા લાગે. છોકરાઓ જ્યારે શિસ્ત બગાડે અને શાળામાં અનિચ્છનિય ધમાચકડી મચાવે છે તો શિક્ષકે કડક શિસ્તનો પ્રયોગ કરી ભય દેખાડવો પડે છે. આ દિવસોમાં આવું જ થઈ રહ્યું છે. વ્યક્તિ અને સમાજને નિરાશા અને મુશ્કેલીનો ત્રાસ પણ સહેવો પડે છે. મારામારીની ઝપટમાં કલેશને કારણે મનુષ્યને જે સુખ-શાંતિની જરૂરીયાત છે તેમાં ભારે ખોટ જણાઈ રહી છે. દુ:ખથી પરેશાન લોકો નશાબાજી, વિલાસિતા વગેરેનો આશરો

લઈને જ ગમે તે રીતે પોતાના દુઃખને ભૂલવાનો પ્રયત્ન કરે છે. પણ તેટલાથી ચેન ક્યાં પડવાનું છે ? સંસાર વ્યવસ્થામાં થોડુંક આઘુ-પાછુ થઈ શકે છે, પરંતુ પ્રકૃતિ તો પોતાનું હંટર હમેશાં સંભાળી જ રાખે છે, નહીંતર આટલા મોટા વિશ્વનું નિયંત્રણ જ કેવી રીતે થાય ?

જેણે આ સંસાર બનાવ્યો છે તેણે આ અંકુશ પણ હાથમાં લઈ રાખ્યો છે કે જ્યારે મર્યાદાનું ઉલ્લંઘન ચરમ સીમાએ પહોંચી જાય અને લોકો વિવેક ખોઈ અત્યાચાર અપનાવવા તૈયાર થઈ જાય તો તેની ખબર લઈ નાંખવામાં આવે અને કાબુમાં રાખવા માટે કઠોરતા અપનાવવામાં આવે. અવળી ચાલ ચાલવાવાળાઓની સામે કડકાઈ અપનાવીને સીધી ચાલ ચાલવા માટે મજબૂર કરવામાં આવે. અત્યારના દિવસોમાં આમ જ થઈ રહ્યું છે. પ્રાપ્ત થયેલ મુશ્કેલીઓને જોતાં લોકોને એ સમજવા માટે ફરજ પાડવામાં આવી રહી છે કે સાચી રીતનો ત્યાગ કરવાથી તેમને કેટલીક ખરાબ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. ૬૦૦ કરોડ વ્યક્તિઓ માટે જ્યાં સર્જનહારે પૂરતા સાધન આપવાની દયા બતાવી છે ત્યાં તેમને માટે ઉચિત દંડની વ્યવસ્થા પણ કરવી પડે છે. બધાં કહે છે કે આવું કામ નિર્દયતાપૂર્ણ જ કહેવામાં આવશે. પણ વ્યવસ્થા તો વ્યવસ્થા જ છે. અત્યારના દિવસોમાં ઉડાણથી જોવામાં આવતાં એ સારી રીતે સમજી શકાય છે કે છેલ્લા દિવસોમાં જે અત્યાચાર અપનાવાઈ રહ્યો છે તેની પ્રતિક્રિયા કેટલી કડવી અને ભયંકર થઈ છે.

તો શું હંમેશાં આ અપરાધ કરવાની અને મુશ્કેલીઓ સહેવાની ક્રિયા અને પ્રતિક્રિયા ચાલતી રહેશે. વાત એવી નથી. ન્યાયની ક્યારેય આવી નીતિ રહી નથી. તે ત્યાં સુધી ધમકાવે છે જ્યાં સુધી ઉદ્દંડતાનો અવાજ કાબુમાં ન આવે. જ્યારે સુધરવાની શરૂઆત કરી દેવામાં આવે છે તો ઉદ્દેશ્ય પૂરો થઈ જાય છે. ત્યારે બધાની સાથે ન્યાય તેમજ કરુણા બતાવવાવાળા વ્યવસ્થાપક પોતાની રીત-નીતિ બદલી નાંખે છે. ધમકાવવાની જગ્યાએ પ્યારથી બોલાવવાનો અને પ્યાર કરવાનો ઉપચાર

કામમાં લાવે છે. સર્જનહારનો ઉદ્દેશ્ય તો ફક્ત સુવ્યવસ્થા બનાવવાનો છે. જેમ બને તેમ તે પોતાની રીત-નીતિ બદલવામાં વાર નથી લગાડતા.

હવે પછીના દિવસોમાં આવું જ પરિવર્તન થવા જઈ રહ્યું છે. દુષ્ટતાને બદલે મુશ્કેલીઓ સહેવાની જ્યારે જરૂરિયાત જ નહીં રહે તો તેવો વરતાવ પણ કોઈ શા માટે કરશે ? જ્યારે સુધારવાથી અને સમજાવવાથી જ કામ ચાલવા લાગશે તો પછી મુશ્કેલીઓના ખરાબ વ્યવહારનો પ્રયોગ શા માટે કરવો પડશે ? જોવામાં પણ એ આવે છે કે જ્યારે કોઈ નકામી હઠવાદિતાપૂર્ણ દુરાગ્રહ રાખવા લાગે છે તો તેને દંડનો ભય દેખાડવો પડે છે અને તેવો વ્યવહાર કરવો પડે છે. પણ જ્યારે તે બદલાયેલી નીતિ મુજબ સીધા રસ્તે ચાલવાનું સ્વીકારી લે છે તો વાલીઓ પણ પોતાની રીતિ-નીતિ તરત જ બદલી નાંખે છે. જે કામ પ્યારથી ચાલે તેના માટે દંડની પ્રક્રિયા શા માટે અપનાવવામાં આવે ?

## યુગ સંધિના હવે પછીના દિવસો

સમજદાર અને દૂરદર્શી અધ્યાપક પોતાના બધા વિદ્યાર્થીઓનું હિત સમાન રૂપે ઈચ્છે છે અને ઉજ્જવળ ભવિષ્યની આશા રાખે છે. આમ છતાંય પરિસ્થિતિ મુજબ તેને અલગ અલગ પ્રકારના વ્યવહાર કરવા પડે છે. ઉદંડતા વિરુદ્ધ નારાજગી અને કડકાઈનો વ્યવહાર કરતો રહે છે, પણ જે શિસ્તમાં રહે અને જવાબદારીપૂર્વક પોતના કામ કરે છે તેમને તેની અનુરૂપ ઉપહાર આપવાની પણ વ્યવસ્થા પણ કરે છે. આ બે પ્રકારના વ્યવહારોમાં અધ્યાપકનો કોઈ સ્વાર્થ નથી હોતો પરંતુ હિતની ઈચ્છા મુજબ કામ આપવાવાળી પદ્ધતિ જ તે અપનાવે છે.

વિધાતાએ પણ બે આવા જ માધ્યમ પોતાના હાથમાં રાખ્યા છે, જેથી તેમના સહારે પરિસ્થિતિઓ મુજબ વ્યવહાર કરવામાં આવે અને કામ ચલાવી શકાય. પાપી નરકનો ત્રાસ ભોગવે છે અને પૂણ્યશાળી

આત્માઓને સ્વર્ગ સુખનું રસાસ્વાદન કરવાનો મોકો મળે છે. શિક્ષા પદ્ધતિનું એક નામ મહાકાળ પણ છે જે મુશ્કેલી ઊભી કરવાની દુષ્પ્રવૃત્તિઓની વ્યવસ્થા કરે છે. બીજો પક્ષ છે સુખદ સંભાવના. શિસ્તમાં રહેવાવાળા, મર્યાદાઓ પાળવાવાળા અને માનવ ઉચિત સત્કર્મો અપનાવવાવાળા સુખદ્ સંભાવનાના પાત્ર હોય છે. આલંકારિક કથાગાથાઓમાં તેને કેટલાય નામ આપવામાં આવ્યા છે. પારસ, કલ્પવૃક્ષ નામ તો પ્રસિદ્ધ છે જ, એક ત્રીજું પણ છે વિશ્વકર્મા. આ બધા નામોના મૂળમાં ઉદ્દેશ્ય ફક્ત એટલો જ છે કે કર્મનું પરિણામ મળી ને જ રહે છે, ભલે તેમાં કોઈ કારણવશ મોડું થઈ જાય.

છેલ્લા બેહજાર વર્ષોમાં લોકોએ, મુખ્યરૂપે શક્તિશાળી વર્ગે પોતાની ક્ષમતાઓનો દુર ઉપયોગ કર્યો છે, તેને ખરેખર અનીતિમાં, ઉદ્દંડતા, દુષ્ટતા વગેરેમાં સમાવી દેવાયા છે. તેનું પરિણામ સામે છે. આપણામાંથી મોટાભાગના શારીરિક અને માનસિક ત્રાસ સહી રહ્યા છે. દૂર ઉપયોગને કારણે દુઃખી થવું પડે છે. ખરાબ વ્યવહારને કારણે દ્વેષ અને વિગ્રહ વધતો જ રહે છે. ઈશ્વરીય મર્યાદાઓનું ઉલ્લંઘન કરવાને કારણે તેને દૈવી વિપત્તિઓનો સામનો કરવો પડે છે, જેને હંમેશાં પાપી લોકો ભોગવે છે. નિંદા, ટીકા, અપ્રામાણિકતા, અવિશ્વાસ વગેરેના ભોગ અને દુર્ઘટનાના શિકાર હમેશા આવા જ લોકો થાય છે.

જે દિવસે અત્યાચારનો ફેલાવો વધી જાય છે તે દિવસોની પરિસ્થિતિ એવી બની જાય છે, જેને કળીયુગ કહેવામાં આવે. દુષ્કર્મ કરવાવાળા તેમના કર્મોનો દંડ ભોગવે છે પણ મૌન દર્શન બનીને અનીતિને જોતા રહેવાવાળા, રક્ષણ ન કરવાવાળા પણ પોતાની કર્તવ્યહીનતા, અસામાજિકતા તેમજ કાયરતાને કારણે તે જ વર્ગમાં આવી જાય છે, ભલે તેમણે જાતે ખરાબ કર્મો ન કર્યા હોય. આવી ઘટનાઓ થતી જ રહે છે. ક્યારેક ક્યારેક તેમાં વાર પણ લાગે છે. આજનું દૂધ કાલનું દહીં બને છે. આજનું વાવેલું બીજ કેટલાક દિવસો પછી અંકુર બને છે અને તેને વૃક્ષ બનવામાં ઘણી જ વાર લાગી જાય છે.

છેલ્લા બે હજાર વર્ષોમાં સત્તાધારીઓએ, ધર્મ ઉપદેશકોએ, ચતુર લોકોએ, ધનવાનોએ, કલાકારોએ પોતાના સમયની ધૂર્તતાઓ કરવામાં ખામી નથી રાખી, આ ભૂલને કારણે અત્યાચાર વધતો રહ્યો છે અને તેને પરિણામે વ્યક્તિ અને સમાજનું માળખું ખરાબ રીતે હચમચી ગયું છે. આનું પરિણામ છે એ છે કે બધે જ અસંતોષ અને અસમજણ તેની ખરાબ સ્થિતિમાં સામે છે. હવે પછીના દિવસોમાં આ સ્થિતિ વધારે ભયંકર થવાની શક્યતા છે. તેને કારણે બધે અસંતોષ, વિગ્રહ અને અત્યાચારનું પ્રમાણ અસાધારણ રીતે વધી રહ્યું છે અને અસંખ્ય ખરાબ શક્યતાઓ એક પછી એક ઊભરાતી ચાલી જાય છે. જો આ ક્રમ ચાલતો રહ્યો તો હવે પછીના દિવસોમાં એવા ખરાબ દિવસો જોવા મળશે જેનાથી માનવીય સત્તા અને મહત્ત્વ બન્ને જ સંકટમાં પડેલા જોવા મળશે.

સર્જનહાર સંતુલનનું ધ્યાન રાખે છે. તે આ બધું ત્યાં સુધી સહન કરે છે જ્યાં સુધી રમત રમવાની પ્રતિક્રિયા સહન શક્તિની મર્યાદાની અંદર રહે છે. જ્યારે વાત આગળ વધી જાય છે ત્યારે તેને પણ પગ ઉપાડવા પડે છે. હૉસ્પિટલમાં જે રીતે ભયંકર દુર્ઘટનાગ્રસ્ત રોગીને, ઉપચાર ક્રમમાં આગળ રાખવામાં આવે છે, 'ઈન્ટેન્સિવ કેયર' કરવામાં આવે છે, તેવી રીતે જ્યાં વધારે ભયંકર દુર્ઘટનાની શક્યતા રહે છે ત્યાં પહેલાં હાથ નાખવામાં આવે છે.

અન્યાય કરવાવાળાને અને સહેવાવાળા બન્નેને પાપી માનવામાં આવ્યા છે. અનીતિપૂર્વક જીવ લેવાવાળો અને અન્યાયની સામે માથુ નમાવી દેનાર બન્ને સમાન રૂપે પાપના ભાગીદાર માનવામાં આવ્યા છે. સાથે જ તે પણ પાપનો ભાગીદાર હોય છે જે બધું જાણતો અને સમજતો હોવા છતાં પણ દૂરથી જોતો રહે છે, વિરોધનો પ્રયત્ન પણ નથી કરતો.

ભગવાન ત્રણે પર નારાજ થાય છે. બગડી રહેલાને બગડવા દેવું. આ મૌન દર્શકોનું બેજવાબદારીનું કામ છે. ભગવાન એવો નથી. લોકો

ભલે બગાડતા હોય પણ ભગવાન છેલ્લે બધુ સંભાળી લે છે. ઘરડા થવાથી શરીર મરી જાય છે. ઘરવાળા, કુટુંબવાળા તેને સળગાવી નાંખે છે, પણ ભગવાન તેને નવો જન્મ આપે છે અને પછી તેને હસવા-રમવાની સ્થિતિમાં પહોંચાડે છે છેલ્લા દિવસોમાં બગાડ વધારે થયો. કડકાઈનો સમય પૂરો થયો છે. જે બાકી રહ્યો છે તે સને ૧૯૯૦ થી લઈને ૨૦૦૦ની વચ્ચે દસ વર્ષોમાં વીતી જશે. આ દસ વર્ષોમાં મહાકાળ બેવડી ભૂમિકા ભજવશે. પ્રસવ જેવી પરિસ્થિતિ થશે. પ્રસવકાળમાં એક બાજુ જ્યાં પ્રસૂતાને અસહ્ય કષ્ટ સહેવું પડે છે ત્યાં બીજી બાજુ સંતાન પ્રાપ્તિની સુંદર શક્યતા પણ મનમાંને મનમાં આનંદ ઉત્પન્ન કરે છે

યુગ સંધિના આ દસ વર્ષ આવી જ બેવડી ભૂમિકાથી ભરેલા છે. છેલ્લા બે હજાર વર્ષોમાં જે અનીતિ ચાલતી રહી છે તેની શિક્ષાના સ્વરૂપે અનેક કઠીનાઈઓ પણ આ દિવસોમાં વ્યક્તિના જીવનમાં, સમાજની વ્યવસ્થામાં તથા પ્રકૃતિના અનિચ્છનિય વાતાવરણમાં જોવા મળશે. લોકો અનુભવ કરશે કે છેલ્લા દિવસોમાં જે અયોગ્ય વર્તન કરવામાં આવ્યું છે તેનો યોગ્ય દંડ મળી રહ્યો છે અને સિદ્ધ કરવામાં આવી રહ્યું છે કે ભવિષ્યમાં એવી ભૂલો કરવી ન જોઈએ. મનુષ્ય અંદરો અંદર કપટ કરી શકે છે પણ સર્જનહારના નિયમોને ઠૂકરાવી નથી શકતો. સર્જનહારની આંખમાં ધૂળ નાંખવી એ કોઈના માટે શક્ય નથી. "જૈસી કરની વૈસી ભરની" નો જીવનક્રમ હંમેશાં ચાલતો રહ્યો છે, એ હંમેશાં ચાલતો પણ રહેશે. આ દિવસોની મુશ્કેલીઓને આ દૃષ્ટિએ જોવી જોઈએ.

સાથોસાથ એ પણ યાદ રાખવું જોઈએ કે માતાની એક આંખ જ્યારે સુધારવા માટે ત્રાંસી રહે છે ત્યાં બીજી આંખમાં પ્યાર પણ ભરેલો રહે છે. તેની કડકાઈમાં પણ એ જ હિતની ઈચ્છા રહે છે કે સુધરેલું બાળક હવે પછીના દિવસોમાં ભૂલો ન કરે અને સીધા રસ્તાઓ અપનાવીને સુખ અને સુવિધાપૂર્ણ જીવન જીવે. વર્તમાન યુગ

સંધિકાળ આ બેવડી પ્રક્રિયાનું સંમિશ્રણ છે.

હવે પછીના દિવસોમાં સુંદર શક્યતાઓ પણ અવતાર લઈ રહી છે. યુગ સંધિના વર્તમાન દસ વર્ષોમાં એવું વાતાવરણ બની રહ્યું છે, જેમાં મનુષ્ય શાંતિ અને સૌજન્યના માર્ગ ઉપર ચાલતાં શીખે, કર્મફળની નિશ્ચિત પ્રક્રિયાથી વાકેફ થાય અને તેવું કરે જે કરવું જોઈએ, તે રસ્તા ઉપર ચાલે જેની ઉપર બુદ્ધિશાળીએ ચાલવું જોઈએ.

## બુદ્ધિ સંગત પ્રમાણોનો સ્વીકાર

સામાનય રીતે ઘામાં રુઝ આવતા વાર લાગે છે. પણ જ્યારે ડૉક્ટર લોહી બંધ કરવાની ઉતાવળમાં હોય છે તો ટાંકા લગાવી લોહીના સ્ત્રાવને જલદી બંધ પણ કરી નાંખે છે. છેલ્લા બે હજાર વર્ષોની દુષ્ટતાને ઠીક થવામાં પણ આ રીતે ઓછો સમય લાગવો જોઈએ.

વિધાતાની વિશેષ વ્યવસ્થાનો પણ એક ચમત્કાર છે કે ઓછા સમયમાં જ ઘા સીવી નાંખીને સારા કરી નાંખવામાં આવી રહ્યા છે. એકવીસમી સદી આવા જ ચમત્કારોથી ભરેલી છે, જેમાં મોડે સુધી ભોગવવા યોગ્ય દંડના બદલે, તેમની ચિહ્ન પૂજા કરીને જ કોઈ પ્રકારે સુધારો કરી દેવાનો સારો યોગ બની ગયો છે. હજારો વર્ષોથી થઈ રહેલી અનીતિઓને ઓછા સમયમાં સુધારવાનો અવસર મળી રહ્યો છે અને ઉદ્દંડોને ઈચ્છિત દંડ આપવાની જગ્યાએ ફક્ત ડરાવી-ધમકાવીને જ સાચા રસ્તે ચલાવવાનો પ્રબંધ થઈ રહ્યો છે.

જ્યારે મનુષ્ય અવળું વિચારે અને કરે છે તો તેનું પરિણામ પણ ભયંકર હોય છે. પણ જ્યારે યથાર્થતાને ઓળખી તથા સ્વીકારી લેવામાં આવે છે તો મોટી ભૂલ પણ થોડી જ વારમાં સમજમાં આવી જાય છે અને તેનું સમાધાન પણ જલદીથી થઈ જાય છે. વીસમી સદીનો અંત એવો જ છે જેમાં સમજદારી ઝડપથી પાછી વળી રહી છે અને સુધારનો કાર્યક્રમ ઝડપથી થઈ રહ્યો છે.

જે ભૂલ લાંબા સમયથી ચાલી રહી છે અને દરરોજ એક પછી એક બીજો ત્રાસ ઉત્પન્ન કરી રહી છે તે આટલી જલદીથી સુધરી પણ શકે છે, એની આશા ઓછી રખાતી હતી, પણ સુયોગ એને કહે છે કે સમજદારીને જલદીથી સ્વીકારી લેવામાં આવી અને ભૂલમાં થોડો સમય જતાં સુધારો કરી લેવામાં આવ્યો.

વાવેલ બીજ જ થોડા સમયમાં અંકુર બનીને ફૂટે છે અને જરૂરી ખાતર-પાણી આપ્યા સિવાય તે છોડ અને ઝાડ બની જાય છે. સદ્‌બુદ્ધિનો ઉદ્‌ભવ અને કાર્યક્રમ પણ એવો જ છે કે સમજદારી આવી જવાથી મુશ્કેલ લાગવાવાળી સમસ્યાઓ ઓછા જ સમયમાં ઉકલી જાય છે. દુર્બુદ્ધિ જ ખરાબ પરિણામ ઉત્પન્ન કરે છે, પણ જ્યારે તે બદલાઈને સદ્‌બુદ્ધિ સ્વરૂપે બદલાઈ જાય છે તો પછી પરિસ્થિતિઓ સુધરવામાં પણ વાર લાગતી નથી.

લાગે છે કે એક સદીમાં જે એટલો સુધારો થઈ જશે જેટલો કે સામાન્ય ગણિત ક્રમથી કેટલીય સદીઓમાં થવો જોઈતો હતો. સમજમાં ન આવવાથી કોઈ સમસ્યા હલ થવામાં ખૂબ જ સમય લઈ શકે છે. પણ જ્યારે ભૂલની ખબર પડી જાય છે તો તેનો ઉપાય શોધવામાં વાર નથી લાગતી. આ દૃષ્ટિએ એકવીસમી સદીને સુધારાની સદીના નામથી ઓળખવામાં આવે છે.

અવળી સમજણ હજાર સમસ્યાઓનું એક કારણ છે. લોકોએ સમજી લીધું છે કે ભલમનસાઈની પદ્ધતિ જ ઉચિત છે અને તેને અપનાવવાથી શાંતિપૂર્વક રહી શકાય છે. અત્યારના દિવસોમાં એક હવા ચાલી રહી છે કે દરેક આદમી એવું વિચારવા લાગ્યો છે કે દુર્બુદ્ધિને ત્યજવામાં આવે, દુષ્ટતા છોડી દેવામાં આવે અને રીતિ-નીતિ એવી અપનાવવામાં આવે જેવી કે સજ્જનોને શોભા આપે છે. નીતિપૂર્વક એકઠું કરાયેલ થોડું ધન સુખના પર્યાપ્ત સાધનો મેળવી આપે છે, જ્યારે અનીતિપૂર્વક મેળવેલ વિપૂલ ધન વૈભવ પણ સંકટ ઉપર સંકટ ઊભા કરે છે. અત્યારના દિવસોમાં જ્યાં પણ સાંભળવામાં આવે

ભલમનસાઇની રીતિ-નીતિ જ ચર્ચાનો વિષય બની રહી છે.

ઉદાહરણ તરીકે શાંતિકુંજથી ઉભરાઈ રહેલો એક નાનકડો પ્રવાહ પણ જોઈ શકાય છે. અહીં નવયુગને અનુરૂપ શિક્ષણની એવી વ્યવસ્થા બની છે, જેમ કે સાધારણ રીતિથી વિપૂલ ધન શક્તિ લગાવવા તેમજ વિશાળ યોજના બનાવવાથી પણ થઈ શકવી શક્ય હતી નહીં. નાનું નિર્માણ પણ ઘણી શક્તિ તેમજ ઘણાં સાધનો માંગે છે, જ્યારે શાંતિકુંજના નાનકડા આશ્રમમાં બે હજાર વ્યક્તિઓનું નિયમિત રૂપે શિક્ષણ ચાલી રહ્યું છે. હાલમાં જ્યાં પણ વિદ્યાલયો ચાલે છે તે બધામાં વિદ્યાર્થીઓએ પોતાનો ભોજન ખર્ચ જાતે ઉપાડવો પડે છે, જ્યારે શાંતિકુંજમાં બે હજાર શિક્ષાર્થી આશ્રમમાં જ નિયમિતરૂપે મફત ભોજન મેળવી રહ્યા છે. આ વ્યવસ્થા એટલા માટે કરવામાં આવી છે કે અમીર-ગરીબની વચ્ચે કોઈ પ્રકારનો ભેદભાવ ના રહી જાય. કોઈ નિર્ધનને ફરીયાદ કરવી ન પડે કે અમારી પાસે ભોજન ખર્ચ હોત, તો અમારે આવા મૂલ્યવાન જ્ઞાનથી વંચિત શા માટે રહેવું પડત ?

શિક્ષણ ફક્ત વાણીથી જ ચાલે છે. તેનાથી જાણકારી જ મળે છે, જે કાનના માર્ગે મગજ સુધી પહોંચે છે. કેટલીય વખત તે કાનમાં પ્રવેશ્યા પછી બીજા કાનમાંથી બહાર નીકળી જાય છે. પણ શાંતિકુંજમાં પાંચ દિવસ જેવા ઓછા સમયમાં જે કહેવામાં, સાંભળવામાં અને બતાવવામાં આવે છે તેમાં અસાધારણ પ્રાણ જોડાયેલ હોય છે, એટલા માટે તે એટલો પ્રાણવાન હોય છે કે લાંબા સમય સુધી અંદરની બાજુએ પોતાની જગ્યા બનાવી લે છે અને વ્યાવહારિક જીવનમાં પ્રવૃત્તિમય બની પોતાના અસ્તિત્વનો પરિચય આપે છે.

ધાર્મિક અને આધ્યાત્મિક વક્તાઓ અને શ્રોતાઓની આજે ખોટ નથી. જ્યાં થોડું વધારે આકર્ષણ હોય છે ત્યાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થાય છે, પણ વાણીનો રસ લીધા સિવાય એવું કશું હાથમાં નથી આવતું જેને સાથે લઈ જઈ શકાય અને જે જીવનધારામાં વ્યાવહારિક બની સ્થિર રહી શકે. અનીતિ અને સ્વાર્થપરાયણતા તો

લોકોને સારી લાગે છે અને મનની અંદર સુધી જામી પણ જાય છે, પણ આવું કદાચ જ ક્યાંય જોવામાં આવે છે કે થોડા સમયનું વૈચારિક આદાન-પ્રદાન ઉચા સ્તરનું હોવા છતાં પણ પોતાનું સ્થાન બનાવી શકે અને મૂળ નાંખી શકે. શાંતિકુંજનું માર્ગદર્શન આવું જ છે જે ફક્ત પાંચ દિવસના સત્સંગથી પાંચ વર્ષની સાધના જેટલો પ્રભાવ છોડી જાય છે. સાથોસાથ એ પણ સિદ્ધ કરે છે કે સાર્થક શિક્ષણમાં કેટલી ઊંડાઈ અને કેટલી ઉચાઈ હોવી જોઈએ.

ઘસાયેલી-પછડાયેલી, રટેલી-રટાયેલી, સાંભળેલી-સંભળાવેલી વાતોને સાંભળવા અને સમજવામાં લોકોને વાર નથી લાગતી. આ બધામાં કોઈ વિરોધની માથાકૂટ પણ નથી આવતી, સમજવામાં મગજ ઉપર કોઈ દબાણ પણ નથી આવતું, પણ સમયની સાથે ચાલવાવાળા યુગધર્મમાં આવી અનેક વાતોનું સંમિશ્રણ હોય છે, જેમાં નવીનતા પણ રહે છે અને જે વિવાદાસ્પદ પણ સમજવામાં આવે છે, તેને સ્વીકારવા અને હૃદયમાં ઉતારવા બુદ્ધિ ઉપર દબાણ પણ ખૂબ પડે છે. એટલા માટે જોવામાં આવ્યું છે કે લોકો ઘસાયેલી વાતોને જ સહજ રીતે સમજતા અને સ્વીકારતા રહ્યા છે પણ જેમાં તર્ક, તથ્ય, સાબિતી અને ઉદાહરણોની મોટી સંખ્યા હોવા છતાં પણ પૂર્વગ્રહોની સાથે મેળ બેસતો નથી તેની તરફ અસહમતિ જ વ્યક્ત કરતા રહે છે. આવું અત્યાર સુધી ઓછું થયું છે કે સમયની પોકાર અને યુગધર્મને લોકોએ કોઈ પણ પ્રકારનાં વાંધા સિવાય, કોઈ પણ પ્રકારના વાદ-વિવાદ વગર સ્વીકારી લીધો હોય. પણ શાંતિકુંજનું પ્રતિપાદન અને સલાહ આવી જ જોવા મળી છે, જે તરફ આશ્ચર્ય તો પ્રગટ કરવામાં આવ્યું છે, પણ કોઈએ તેને યોગ્યતાથી ઉલટું ગણાવ્યું નથી.

સામાન્ય રીતે સ્વાર્થ સિદ્ધિની સલાહ જ ભૌતિક અને આધ્યાત્મિક ક્ષેત્રોમાં અનુકૂળ સમજવામાં આવે અને સહજ રીતે સ્વીકારી શકાય છે, પણ જેમાં લોકમંગળ અને નવનિર્માણના અપ્રચલિત સિદ્ધાંતોનો સ્વીકાર કરવામાં આવ્યો હોય એવા સિદ્ધાંતોનો વિરોધ કે ઉપહાસ જ થાય છે.

આશ્ચર્યની વાત તો એ છે કે ફેલાવાનો વિરોધ થતો હોવા છતાંય યુગધર્મની વ્યાખ્યાને અને નવા વિચારોને હવે સામાન્ય બુદ્ધિ દ્વારા જ સમજવામાં અને સ્વીકારવામાં આવી રહ્યા છે.

## પ્રગતિની દિશામાં વધતા પ્રયત્નો

અત્યારના દિવસોમાં બુદ્ધિશાળી એને સમજવામાં આવે છે જેણે પુષ્કળ વૈભવ મેળવ્યો હોય, ભલે પછી તેમાં અઈચ્છનિય, અનૈતિક રીતિ-નીતિનો સમાવેશ થયો હોય. કહેવા માટે તો લોકો સિદ્ધાંતની વાતો પણ કહે છે અને સભ્ય અને સમજદાર લોકો આને સમર્થન પણ આપે છે, પણ વ્યવહારમાં તે પ્રક્રિયાને માન્યતા મળે છે. કોઈ એવા ભાગ્યે જ મળે છે જે ન્યાય અને યોગ્યતાનું સમર્થન પણ કરતા હોય અને અંગત જીવનમાં તેને પ્રયોગમાં પણ લાવી શકતા હોય. નીતિ અને નિષ્ઠા ફક્ત કહેવા સાંભળવાની વાત રહી ગઈ છે. સમજવામાં આવે છે કે તે વ્યાવહારિક નથી, જો તેમાં નુકસાન જ ઉઠાવવું પડતું હોય તો બધાની દૃષ્ટિએ તેને બેવકૂફ જ બનવું પડશે.

લોકોની માન્યતાઓ અને તર્કોના આધારે તેને ઉત્તરવિહિન કર્યા હોય એવા પ્રયત્નો તો કેટલાકે કેટલીય વાર કર્યા છે. પણ સફળતા મેળવવામાં કદાચ જ કોઈ સફળ થયા હોય. આમ તેમ વિખરાયેલ ઉદાહરણોની એટલી સંખ્યા નજરે પડે છે કે જોયેલી માન્યતાઓને બદલવી એકદમ અશક્ય જ નહીં, પણ મુશ્કેલ અવશ્ય લાગે છે. જ્યારે પ્રત્યક્ષ ઉદાહરણોમાં એક જ વાત જોવા મળે છે કે પ્રચલિત માન્યતાઓને વળગી રહેવાવાળા એક રીતે નફામાં રહે છે, આ વાત ગળે તો નથી ઉતરતી કે સિદ્ધાંતોને વ્યવહારમાં પણ ઉતારી શકાય છે.

શાંતિકુંજ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા ઉદાહરણો દ્વારા હવે એ સાબિત તેમ જ સમર્થીત થઈ રહ્યું છે કે આ માન્યતા મોટાભાગના લોકોના વિશ્વાસની વાત હોવા છતાં પણ તેવી નથી. તથ્ય સમજમાં આવી જવાથી છેલ્લે તેને સ્વીકારવામાં પણ આવે છે. કારણ એ છે કે

વ્યવહારમાં જે જોવા મળે છે તેને પણ અમાન્ય કહેરાવવા માટે અસંખ્ય લોકો સહમત થઈ જાય છે. એવા લોકોનો એક મોટો વર્ગ બની જાય છે, જેમાં નીતિ, નિષ્ઠા અને સમાજનિષ્ઠા જેવા ઉચા આદર્શોને વ્યાવહારિક માનવામાં આવે છે, તેને પોતાના અંગત જીવનમાં, સંપર્ક ક્ષેત્રમાં પ્રયોગ કરીને મેળવી લીધું છે કે શ્રેષ્ઠતાની નીતિ જ ખરેખર લાભદાયક છે, તેને અપનાવવાથી વ્યક્તિ પોતાનું તેમજ પોતાના લોકનું વાસ્તવિક તેમજ સ્થાયી હિત સાધી શકે છે.

સામાન્યરૂપે વૈચારિક ક્રાંતિના સંબંધમાં તો કેટલાયને સહમત કરવામાં આવી રહ્યા છે, પરંતુ એવા ઉદાહરણ ઓછા જોવા મળે છે, જેમાં આદર્શોને અપનાવવાથી આત્મિક જ નહી ભૌતિક લાભ પણ મેળવ્યા હોય અને મેળવતા જોયા હોય.

વિચારોની હેરાફેરી તો લાખો લોકો હમેશા કરતા હોય છે. તર્ક, સમર્થન તેમજ વિવાદ કેટલાયને તેમની પહેલાંની માન્યતા બદલવા માટે મજબૂર કરી નાંખે છે. વકિલાતનો વ્યવસાય જ આવો છે જેમાં સામાવાળાની સાચી વાતને ખોટી અને ખોટીને સાચી સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેમાંથી જે ચતુર હોય તેમને સફળતા પણ મળી જાય છે પણ એવા ઉદાહરણ ઓછા જ જોવા મળ્યા છે કે કોઈએ પોતાની ભૂલોને સમજી, સ્વીકારી અને તે મુજબ પોતાની માન્યતાઓમાં પણ પરિવર્તન કરી લીધું હોય. આ સંદર્ભે શાંતિકુંજ દ્વારા કરવામાં આવેલ સમર્થનોને જે સફળતા મળી છે તેનો પોતાનો રેકોર્ડ છે. અત્યારના દિવસોમાં અસત્યની જીત અને સત્યની હાર સ્વીકારવામાં આવે છે. આટલું હોવા છતાં સમયની વિરુદ્ધ એવી સિદ્ધાંત શૈલી અને તર્ક પ્રક્રિયા શાંતિકુંજે પ્રસ્તુત કરી છે, જેનાથી લોકમાન્યતામાં અસાધારણ પરિવર્તન થતું જોવા મળે છે.

ખરેખર ક્રાંતિઓમાં આવી જ વાત હોય છે. તેનો આધાર વિવાદ કે શાસ્ત્રાર્થ નથી હોતો. વાત તો અંદરની તરફ ઊંડે સુધી પહોંચાડવાથી અને માન્યતાના સ્તર સુધી પહોંચાડી દેવાથી જ લોકો તેનો સ્વીકાર

કરે છે અને જીવનક્રમમાં ઉતારે છે. આ કામ આદર્શવાદિતાના સંબંધે તો ઘણું જ મુશ્કેલ છે. લોકો પૂર્વગ્રહોને એવી ખરાબ રીતે પકડી રાખે છે કે વ્યવહાર એવો જ બનાવીને રહે છે જેમાં તેમનો સ્વાર્થ-સિદ્ધ થતો હોય છે. અત્યારના દિવસોમાં આનો ફેલાવો થઈ રહ્યો છે અને પોતાની સમર્થતા સિદ્ધ કરી રહ્યું છે. પરંતુ શાંતિકુંજની વિચારધારા જ છે જેણે ખરાબ આગ્રહ રાખનારા અને ફક્ત લાભની વાત વિચારવાવાળઓને પણ એ માનવા મજબૂર કરાયા છે કે છેલ્લે સત્યનો જ વિજય થાય છે. ખોટાના પગ નથી હોતા. તેને કોઈ પ્રકારે જીતી શકાય તો પણ તેને લાંબા સમયની માન્યતા નથી મળતી. સાચા હૃદયથી તેને સ્વીકારવામાં નથી આવતી.

આ દિશામાં પ્રયત્ન તો ખૂબ થતા રહ્યા છે અને તેને કોઈ રીતે સફળતા-અસફળતા પણ મળતી રહી છે, પરંતુ આ બુદ્ધિવાદી યુગમાં, પ્રત્યક્ષ સમર્થનોને જ માન્યતા મળવાના જમાનામાં, શાંતિકુંજની વિચારધારામાં પ્રત્યેક વિચારશીલને એ સ્વીકારવા માટે મજબૂર કરવામાં આવ્યા છે કે માનવીય ગૌરવના આદર્શ અપનાવ્યા વગર બીજો કોઈ રસ્તો રહ્યો નથી.

યુગ પરિવર્તનની આ અનોખી પદ્ધતિ છે. અત્યાર સુધી આધ્યાત્મિક તથા ભાવાત્મક સ્તર ઉપર તો પ્રભાવિત કરાતા રહ્યા છે પણ એ નથી બની શકતું કે તર્ક, તથ્ય અને પ્રમાણો સહિત નવયુગની પૃષ્ઠભૂમિને બૌદ્ધિક આધાર ઉપર સમર્પિત કરી શકાય. આ મુશ્કેલ કામને શાંતિકુંજે પોતે જ ચાલુ કરી દીધું છે અને તેનું પરિણામ એ મળ્યું કે અસંખ્ય લોકોએ પોતાનું જીવન પરિવર્તન કરી લીધું છે. ખરાબ માર્ગ પર ચાલવાનો દુરાગ્રહ છોડી સાચા અને હિતકારી માર્ગ ઉપર ચાલવા માટે પોતાને સહમત કરી લીધા છે. બૌદ્ધિક સમર્થન જ નહીં, પ્રાણ પ્રક્રિયાનો સમન્વય પણ આ પ્રક્રિયા સાથે જોડાયેલો છે.

પાંચ દિવસના શિક્ષણમાં એ વ્યવસ્થા પણ કરવામાં આવી છે કે તે લોકજીવન ઉપર એટલી ઉંડી છાપ છોડે કે વ્યક્તિ સહમત થઈને જ

પાછો વળે. એ અમારો અનોખો પ્રયોગ છે. કારણ એ છે કે ધર્મ ઉપદેશકોના આ પૂરના જમાનામાં જ્યાં અનુરૂપ પરિવર્તનનો ઓછો પ્રભાવ જોવા મળે છે, ત્યાં શાંતિકુંજની શિક્ષણ પદ્ધતિ અનોખો પ્રભાવ છોડે છે.

પ્રચલિત પ્રવાહની ધારાની વિરુદ્ધ જ્યાં આ સમર્થન પ્રસ્તુત કરવામાં આવ્યું છે કે એકવીસમી સદી નારી-વિશિષ્ટતાની અવધિ છે, ત્યાં તેનો સ્વીકાર કરવા અને કરાવવામાં બહુ મુશ્કેલી પણ ઉઠાવવી નથી પડતી. જ્યાં શિક્ષણનું ચલણ છે ત્યાં તો આ તથ્યને બૌદ્ધિક આધાર ઉપર પણ સ્વીકૃતિ મળી ગઈ છે, પરંતુ એક અનોખો ચમત્કાર એ જોવા મળી રહ્યો છે કે અશિક્ષિત સ્તરના નારી સમુદાયે પણ નવયુગના આ સંદેશને સ્વીકારી લીધો છે અને અનેક દબાણો અને અવરોધોનો સામનો કરીને પણ પ્રગતિના માર્ગ ઉપર ચાલવાનો નિશ્ચય કરી લીધો છે.

મોટી ઉમરવાળી મહિલાઓને ક્યારેક પ્રૌઢશિક્ષણનું નામ સાંભળીને પણ શરમ આવતી હતી અને તેઓ તે માટે તૈયાર પણ થતી ન હતી. હવે શાંતિકુંજ ક્ષેત્રની લગભગ અડધાથી વધારે પ્રૌઢ મહિલાઓ આગ્રહ અને રૂચિપૂર્વક એવું વિચારવા લાગી છે. શિક્ષણની વ્યવસ્થા હોવાથી શિક્ષકોની મદદને પરિણામે હવે તેમણે અધ્યાપનનું કામ સંભાળવાનું પણ શરૂ કરી દીધું છે. ઘુંઘટ અને પડદાનો રિવાજ તો હવે એ રીતે છૂટી રહ્યો છે કે પહેલાં ક્યારેય તે રહ્યો જ ન હોય. નારી પ્રગતિની એક હવા ચાલી રહી છે. જ્યાં દુસ્સાહસપૂર્ણ મોટા પ્રયત્નો અને આગ્રહ પણ સફળ થતા ન હતાં ત્યાં હવે બધે જ શ્રદ્ધાપૂર્વક આ દિશામાં વધવાની ઉમંગ ઉઠી રહી છે. આ બધાને જોતાં લાગે છે કે આ પ્રયત્નની પાછળ કોઈ અદૃશ્ય શક્તિ કામ કરી રહી છે અને એ લક્ષ તરફ લઈ જઈ રહી છે જ્યાં નર અને નારી બંને એક સ્તર સુધી પહોંચીને રહેશે.

# ઉપસ્થિત સમસ્યાઓ ઉકેલાઈ રહી છે

કોઈ સમય હતો જ્યારે ઘર ઘરમાં અંધવિશ્વાસોની સંખ્યા મોટી હતી. ભૂત-પ્રેત, જાદુ-મંત્રની ચર્ચા દરેક ઘરનો ચર્ચાનો વિષય બન્યો હતો. કોઈ કોઈની ઉપર જાદૂ કરી દીધો છે, આ ચર્ચા ઘરમાં કોઈને કોઈના મોંઢેથી સાંભળવા મળતી હતી. શંકા અને આશંકાનો ભય, પરસ્પર કલેષ, વિદ્વેષનું કારણ બનતો હતો. કેટલાક ધૂતારાઓએ આ મુશ્કેલીને પોતાનો વ્યવસાય બનાવી લીધો હતો. નાની બીમારીઓને કોઈ ભૂતપલીતનું કામ માની લેવામાં આવતું અને જેના-તેના ઉપર આરોપ લગાવી દેવામાં આવતો કે તેણે જાદૂ-મંત્ર કર્યો છે. ભોળા લોકો આ વાતો ઉપર વિશ્વાસ પણ કરી લેતા હતા અને રાઈનો પર્વત, તલનું તાડ બની જતું. દરરોજ પરસ્પર કલેશ, શંકા, અંધવિશ્વાસ અને વિગ્રહ ઊભા થતા રહેતા. પ્રેત બાધા દૂર કરવાવાળા આ બહાને પોતાનો સારો એવો ધંધો ચલાવી લેતા હતા. જ્યાં શાંતિપૂર્વક રહેવું જોઈતું હતું અને બીજું કોઈ કારણ ન હોવાથી દુર્ભાવનો કોઈ આધાર નહોતો બનવો જોઈતો ત્યાં પણ નાના-મોટા ગામો સુધી પણ સંદેહ, અવિશ્વાસ અને દુર્ભાવનું વાતાવરણ બની જતું હતું. અગ્નિમાં ઈંધણ પડવાથી આગમાં વધારો થાય છે. મનોરંજકો પણ મનોરંજન માટે કોઈ લોકકથાઓને તલમાંથી તાડ બનાવી દેતા હતા અને તેના બહાના હેઠળ કોઈની પાસેથી કશુંક ને કશુંક ઠગી લેતા હતા.

આ અવિશ્વાસ ક્યાંથી ઉપજતો હતો અને અત્યારે ના જાણે ક્યાં ચાલ્યો ગયો તે ઉપર આશ્ચર્ય થાય છે. નાસમજણ જ વાતનું વતેસર બનાવતી હતી. સમજદારીનો ઉદ્‌ભવ થતાં જ બધી જંજાળ મટી ગઈ. માનો કે ગધેડાના માથા ઉપર ક્યારેય શીંગડા ઉગ્યાં જ હતા નહીં.

આવી જ કેટલીક ભ્રમણાઓ મનુષ્યને પોતાના સંબંધમાં અત્યારે પણ થાય છે. શરીરમાં બધા જ દિવસે બીમારી થતી રહે છે અને તેના ઈલાજ ઉપચાર માટે દરરોજ નવી નવી દવાઓનો પ્રયોગ થતો રહે છે.

આટલું હોવા છતાં પણ એ વિવાદ ઊભો જ રહે છે કે આમાંથી કઈ ફાયદાકારક નીવડી અને કઈ નુકસાનકારક. એક રોગી માટે જે દવા ઉપયોગી નીવડી તે બીજા રોગીના રોગમાં નુકસાનકારક સિદ્ધ થઈ. થોડા થોડા દિવસે ડૉક્ટરો તેમજ દવાઓની અદલા-બદલી એટલા માટે થતી રહે છે. આ પરંપરા વર્ષોથી ચાલતી આવી છે, પણ અત્યાર સુધી કોઈ એક નિશ્ચય ઉપર પહોંચવાનું સંભવી શક્યું નથી.

આટલા દિવસો પછી હવે એક સાચો નિષ્કર્ષ હાથ આવ્યો છે કે મનનો શરીરના બધા જ ભાગો ઉપર અધિકાર છે. જો મનને નિયંત્રિત અને સન્માર્ગી બનાવી શકાય તો શરીરની બધી કળો-ભાગો પોત પોતાનું કામ સાચી રીતથી કરવા લાગે છે. અને બીમારીઓનું મૂળ કપાઈ જાય છે. તેના વિપરિત જો ચિંતનનો ક્રમ બદલી નંખાય, ઉલટાવી નંખાય, ખરાબ વિચાર મગજ ઉપર છવાયેલા રહે તો શરીરમાં કોઈ સ્થાનીય દુઃખ ન હોઇા છતાં પણ કલ્પનાજન્ય અનેક અવ્યવસ્થાઓ ઊભી થાય છે અને દવાઓમાં ફક્ત એ જ થોડી વધારે અસર કરે છે જેના ઉપર ઉંડો વિશ્વાસ હોય. આનાથી સાબિત થાય છે કે બીમારીનું મૂળ તો મનની અંદર જ છે. શરીરમાં તો ફક્ત તેનો આભાસ જ થાય છે. જો સરળ, સૌમ્ય અને સદ્‌ભાવનાપૂર્ણ વિચાર બની રહે તો બીમારીઓનો જે પ્રકોપ થોડે થોડે દિવસે જળવાઈ રહે છે તેનું અસ્તિત્વ જ ના રહે. આ તથ્ય જો સમય પહેલાં જ જાણમાં આવી ગયું હોત તો દરેક પોતાનો ઈલાજ જાતે જ કરી લેત અને તે માટે આમ તેમ ભટકવાની કે નિરાશ થવાની જરૂર જ ન રહેત.

આ વાત ઉદાસી અને ઉદ્વેગના સંબંધમાં પણ છે. લોકો પ્રતિકૂળ પરિસ્થિતિઓને ચિંતાઓ, શંકાઓ અને પ્રતિકૂળતાઓનું કારણ માને છે, પણ એ ભૂલી જાય છે કે તે પરિસ્થિતિમાં તેટલા જ સાધનોમાં અનેક લોકો પ્રસન્ન રહે છે અને સંતોષપૂર્વક જીવન પસાર કરે છે. પ્રતિકૂળતાઓ અનુભવવામાં ચિત્તની પ્રવૃત્તિઓ જ મુખ્ય ભૂમિકા નિભાવે છે. પરિસ્થિતિઆને બદલવા માટે ભાગ-દોડ કરવાની જગ્યાએ જો મનની

તુક્કા વગરની રીતિ-નીતિને સુધારી જ લેવામાં આવી હોત તો દરેક સ્થિતિને પોતાને અનુકૂળ બનવામાં કોઈ મુશ્કેલી નડતી નથી. પોતાની ભૂલને બીજાઓના માથે એટલા માટે નાંખી દેવામાં આવે છે. જો કુટેવો અભ્યાસમાં ન ઘુસી હોત તો સરલતા અને સજ્જનતાનું સૌમ્ય જીવન જીતેલો દરેક વ્યક્તિ પોતાની વર્તમાન પરિસ્થિતિ સુધારી લેત. ભૂલ સુધરી જવાથી જે પ્રતિકૂળતા ચારે બાજુએ ઘેરાએલી જોવા મળે છે તેમાંની એક પણ ઘેરાયેલી જોવા ન મળત.

ઈન્દ્રિઓનો દુરુપયોગ મુશ્કેલીઓનું નિમિત્ત કારણ બને છે. જો આ મોટા તથ્યોને લોકો હૃદયમાં ઉતારી લે તો ઈચ્છા-આકાંક્ષાઓને પૂરા કરવાની દોડ-ધામ ન કરવી પડત, ફક્ત સંયમ સાધનાથી જ મોટાભાગની સમસ્યાઓ ઉકલી જાત. જો સ્વાદેન્દ્રિય ઉપર કાબૂ રાખ્યો હોત તો બીન જરૂરી અભક્ષ્ય તેવો ખોરાક ખાવાની ઈચ્છા ન થાત અને પેટના સંતુલિત બની રહેવાને કારણે પાચનતંત્રમાં કોઈ વ્યક્તિક્રમ ઊભો ન થાત. કામુકતા માનસિક વિકાર છે. લોકો તેને શારીરિક માંગ કે આવશ્યક માને છે, પણ તે સાચું નથી. જો આ મુખ્ય સિદ્ધાંતને સમજી લેવામાં આવે તો પછી કામુકતાજન્ય જે અનેક અત્યાચાર જોવા મળે છે તેમાંથી એક પણ ક્યાંય જોવા ન મળત. સ્ત્રી-પુરુષ હળીમળીને તે ઉપયોગી અને મહત્ત્વપૂર્ણ કામોમાં લાગેલા હોત, જેનાથી સુવિધાઓની ઊણપ ન રહેત અને જે અયોગ્યતાનો થોડે થોડે દિવસે સામનો કરવો પડે છે તેનાથી કોઈ પણ કોઈને હેરાન-પરેશાન ન કરત. આંખ, કાન, નાક, ઈન્દ્રિઓમાંથી જેને ક્રિયાશીલ કહેવામાં આવે છે, જો તેના પ્રયોગ પહેલાં જ એ વિચાર કરી લેવામાં આવે છે કે યોગ્ય અને અયોગ્યમાં શું અંતર હોય છે, એ શું સ્વીકારવા જેવું છે અને શું સ્વીકારવા જેવું નથી, તો મગજ દ્વારા અવળી દિશા અપનાવવા અને તેને પરિણામે કોઈ પણ બિનનુકસાનકારક પ્રયાસ કરવા માટે કદમ આગળ વધતા નહી પછી સારામાં સારા સુખ શાંતિપૂર્ણ જીવનને કુરૂપ બનાવવી કોઈને જરૂર પડતી નહીં.

ઉપલબ્ધ વસ્તુઓને સારી રીતે પ્રયોગમાં લાવવી મુનષ્યની બુદ્ધિમત્તાનું ચિહ્‌ન છે. જીવનચર્યાની સાથે જોડાયેલ મનને જો સૌથી સારું સાધન માનવામાં આવ્યું હોય તો તેના સદ્‌ઉપયોગ દૂરઉપયોગનું શરૂઆતથી જ ધ્યાન રાખવામાં આવ્યું હોત તો હર હમેશ દરેકને હસતી હસાવતી જીંદગી જીવવાનો અવસર મળ્યો હોત જે વિગ્રહો અને અત્યાચારોનો સામનો થોડા થોડા દિવસને અંતરે કરવો પડે છે તેમાંનો એક પણ હેરાન કરવા માટે સામે ન આવત. આ સંસારમાં એવી એક પણ મુશ્કેલી નથી જેનું બુદ્ધિમત્તા અપનાવવાથી સમાધાન ન જડે અને નિવારણ-નિરાકરણનો રસ્તો ન શોધી શકાય. આ સંસાર ભગવાનનો સુંદર બગીચો છે. તેમાં દરેક દિશામાં દરેક પ્રકારની સુવિધાઓ જ ભરી પડી છે. જ્યાં ક્યાંય પ્રતિકૂળતાઓ જોવા મળે છે ત્યાં સમજવું જોઈએ કે ચિંતનમાં ક્યાંય કોઈ ગરબડ છે. જો તે ખોટને શોધી લેવામાં આવે તો તે કારણ સહજ રીતે સમજમાં આવી શકે છે, જે જીવનના સુખ પૂર્ણ રસ્તાને કાંટાવાળો બનાવે છે. હવે પછીના દિવસોમાં મનુષ્ય પોતાના ચિંતનને સાચું કરવા જઈ રહ્યો છે અને સાથોસાથ તે બધી સમસ્યાઓથી પીછો છોડાવવાની તૈયારી કરી રહ્યો છે, જે આજે હેરાનગતિનું વાતાવરણ બનાવી રહ્યું છે

## યુગાન્તરીય ચેતનાનો ભવ્ય વિસ્તાર

નાનકડું બીજ થોડાક જ દિવસોમાં મોટું વૃક્ષ બની જાય છે. શિલાન્યાસ નાના સ્વરૂપે જ થાય છે પણ સમય જતાં તે ભવ્ય ભવન બની જાય છે. આ યુગ સંધિ છે. અત્યારે જે નાનકડું દેખાઈ રહ્યું છે તે હવે પછીના દિવસોમાં વિશાળકાય એવું બોધિ વૃક્ષ બની જશે, જેની નીચે તપસ્વી સિદ્ધાર્થને બોધ થયો હતો, તે બુદ્ધ બન્યા અને જેની શાખાઓ દેશ વિદેશમાં દિવ્ય બોધનો સંદેશો પહોંચાડાતી રહી.

બીજ વાવતી વખતનો સમય થોડો જ હોય છે. વૃક્ષનું અસ્તિત્વ લાંબા સમય સુધી સ્થિર રહે છે. સને ૧૯૯૦થી લઈને ૨૦૦૦ સુધીના

દસ વર્ષ ખેડવા, વાવવા, ઉગાડવા, ખાતર પાણી નાંખવા અને રખેવાળી કરવાના છે. એકવીસમી સદીથી વાતાવરણ બદલાઈ જશે. સાથોસાથ પરિસ્થિતિમાં પણ ભારે ફેરફાર થશે. આ બધાના ફેલાવામાં પણ એક સદી વીતી જશે સને ૨૦૦૦થી ૨૦૯૯ સુધી. આ વચ્ચે મોટા પરિવર્તન થશે. જેને જોઈને જનસાધારણ આશ્ચર્યમાં પડી જશે. સને ૧૯૦૦માં જે પરિસ્થિતિ હતી તે ઝડપથી બદલાઈ અને શુંનું શું બની ગયું, તે દરેક સૂક્ષ્મદર્શી જાણે છે. જેની નજર મોટી છે તેને માટે તો જમીન-આસમાન હમેશા એક જેવા રહે છે. આગળના દિવસો એટલા આશ્ચર્યપૂર્ણ ફેરફારો ભરેલા હશે, જેને જોઈને પ્રજ્ઞાવાનો એવું માનશે કે યુગ બદલાઈ ગયો. અનુભવ થશે કે મનુષ્યનું શરીર તો પહેલાં જેવું જ છે પરંતુ તેનું મગજ, ચિંતન, દૃષ્ટિકોણ અસાધારણ રૂપે બદલાઈ ગયા અને સમય લગભગ એવો આવી ગયો જેને સતયુગ પાછો આવ્યો તેવું કહીએ તો પણ અતિશયોક્તિ નહીં કહેવાય.

પ્રાચીનકાળમાં સમયની ગતિ ધીમી હતી, પરિવર્તન ક્રમિક ગતિથી થતા હતા. પણ આ વખતે પ્રવાહ તોફાની ગતિથી આવ્યો અને બે હજાર વર્ષોમાં જે ન થઈ શક્યું તે કામ ફક્ત સો વર્ષોમાં જ પૂરું થવા જઈ રહ્યું છે. નવી સદી નવા પરિવર્તનો લઈને ઝડપથી આવી રહી છે.

સને ૧૯૯૦થી ૨૦૦૦ સુધી સમય ભારે ઉથલપાથલનો છે. તેને માટે માનવીય પ્રયત્નો પૂરતા નહીં હોય. દેવી શક્તિનો તેમાં મોટો હાથ હશે. તેની અત્યારના સમયે તૈયારી ચાલી રહી છે જેને અભૂતપૂર્વ કહી શકાય.

નરપશુ, નરકીટક, નરપિશાચ સ્તરના જીવન જીવવાવાળાઓમાંથી જ મોટી સંખ્યામાં એવા આ દિવસોમાં નીકળી પડશે જેને નરરત્ન કહી શકાય. તેને જ બીજું નામ દિવ્ય પ્રતિભા આપી શકાય છે. તેનું ચિંતન, ચરિત્ર અને વ્યવહાર એવાં હશે જેનો પ્રભાવ અસંખ્ય લોકોને પ્રભાવિત કરશે. તેની શરૂઆત શાંતિકુંજથી થઈ છે.

યુગસંધિ મહાપુરશ્ચરણના શ્રીગણેશ અહીંથી થયા છે. તેના મોટા આધ્યાત્મિક સ્વરૂપ જપ, યજ્ઞ અને ધ્યાન હશે. તેને તે પ્રક્રિયા સાથે જોડવાવાળા સંપન્ન કરશે, સાથોસાથ પાંચ પાંચ દિવસના દિવ્ય શિક્ષણ-સત્ર પણ ચાલશે. સાધારણ શિક્ષણમાં નાક, કાન, આંખો જ કામ કરતી હોય છે. તેના માધ્યમે જાણકારી મગજ સુધી પહોંચે છે, ત્યાં થોડો સમય સુધી રહી જતી રહે છે. પણ ઉપરોક્ત પાંચ દિવસના શિક્ષણ સત્ર એવા હશે જેમાં ફક્ત શબ્દોનું આદાન-પ્રદાન નહીં હોય પણ પ્રાણશક્તિ પણ જોડાયેલી હશે. તેનો પ્રભાવ લાંબા સમય સુધી સ્થિર રહેશે અને પોતાની વિશેષતાનો એવો પરિચય આપશે જેને ચમત્કારી કે અદ્‌ભુત કહી શકાય.

સને ૧૯૯૦ના વસંત પર્વથી આ સઘન શિક્ષણની શરૂઆત થશે જે સને ૨૦૦૦ સુધી ચાલશે. આ દસ વર્ષોને બે ભાગોમાં વહેંચી દીધા છે. સંકલ્પ છે કે સને ૧૯૯૫ની વસંત પંચમીને દિવસે એક લાખ દિપ કુંડોનું યજ્ઞ આયોજન તે બધી જગ્યાએ થશે જ્યાં પ્રજ્ઞા પીઠ બનાવાઈ છે તથા પ્રજ્ઞાકેન્દ્રો આવેલા છે. કઈ જગ્યાએ કેટલા મોટા આયોજનો થશે તેનું નિર્ધારણ કરવાની પ્રક્રિયાનો આરંભ અત્યારથી જ થઈ ગયો છે. પ્રથમ સોપાન ૧૯૯૫માં અને બીજું સોપાન વસંત ૨૦૦૦માં થશે. સ્થાન તે જ રહેશે જે અત્યારે નિશ્ચિત થતા જશે.

આ મહાયજ્ઞના યજમાન તે હશે જે પહેલાંના પાંચ વર્ષોમાં નિયમિતરૂપે સાપ્તાહિક સત્સંગોનું આયોજન કરતા રહેશે. આયોજનમાં દિપયજ્ઞ, સહગાન, કીર્તન, નિયમિત પ્રવચન અને યુગ સાહિત્યનો સ્વાધ્યાય ચાલતો રહેશે. સ્વધ્યાયમાં જે વાંચી નહીં શકે તે બીજાઓ પાસે વંચાવીને સાંભળી લેશે. આ રીતની પ્રક્રિયા નિયમિત રૂપે ચાલતી રહેશે.

અપેક્ષા રાખવામાં આવી છે કે સને ૧૯૯૫ સુધી એક લાખ યજ્ઞ થઈ ગયા હશે અને બાકીના ૧ લાખ ૨૦૦૦ સુધીમાં પૂરા થશે-કુલ બે કરોડ મનુષ્ય આમાં સામેલ થશે. આ તો આયોજનની ચર્ચા થઈ. આ

આયોજનમાં સામેલ થવાવાળા પોતપોતાના સંપર્કક્ષેત્રમાં આ પ્રક્રિયાને આગળ ધપાવશે અને આશા રાખવામાં આવે છે કે આ દસ વર્ષોમાં બધા શિક્ષિતો સુધી નવ યુગનો સંદેશો પહોંચી જશે. આ પ્રયોજન માટે યુગ સાહિત્ય રૂપે એક એક રૂપિયાની કિંમતની વીસ પુસ્તિકાઓ છાપવામાં આવી છે.

વાણી અને લેખનના માધ્યમે હવે પછીના દસ વર્ષોમાં જે પ્રચાર કાર્ય થતું રહેશે તેનો વિસ્તાર યુગાન્તરીય ચેતના વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડશે તેવો નિશ્ચય અને સંકલ્પ અત્યારના દિવસોમાં કરવામાં આવ્યો છે.

## હવે પછીના દિવસોમાં જે કરવાનું છે

આ જીવનરૂપી દુર્લભ બ્રહ્મ કમળના લગભગ ૮૦ ફૂલ ખીલી ગયા. સંજીવની બુટ્ટીના એક પછી એક તરંગિત અને શોભાયમાન ફૂલો ખીલવાનો એક મહત્ત્વનો અધ્યાય પૂરો થઈ ગયો. ઊંડાણપૂર્વક તપાસ કરવાથી ખબર પડશે કે જે પસાર થઈ ગયું તે આવું રહ્યું, જેની ઉપર ગૌરવ, ગર્વ અને આનંદ ઉલ્લાસનો અનુભવ કરી શકાય. જે કામ સોંપવામાં આવ્યું હતું, જે પ્રયોજન માટે મોકલવામાં આવ્યા હતા તે ક્રમબદ્ધ સ્વરૂપે ચાલતા રહ્યા અને પ્રેમ વરસાવવાવાળા સ્તરનો સાથ પૂરો થતો રહ્યો. આને સંતોષની જ વાત કહી શકાય કે બદલાતા યુગનું બીજારોપણ કરવાથી લઈને બીજ અંકુર આવવા, ખાતર પાણી આપવા, અને આંખોને લોભાવે તેવી હરિયાળી રાખતા રહેવાનો મોકો મળતો રહ્યો. આને ઈશ્વરની મુખ્ય અનુકંપા જ કહેવી જોઈએ.

સૂત્ર સંચાલનના આ જીવનનો પ્રથમ અધ્યાય પૂરો થયો. આ દૃશ્યમાન સ્વરૂપ હતું. જેણે જોયું તેણે આને એક શબ્દમાં જ પ્રકટ કરી નાંખ્યું કે "જે વાવ્યું તે લણ્યું"નો સિદ્ધાંત અપનાવવામાં આવ્યો. સમાજરૂપી ખેતરમાં વવાયેલા સદ્પ્રવૃત્તિના બીજ, સૂત્ર સંચાલકના જીવનમાં ઉગ્યા, મોટા થયા અને વિશાળ બગીચાના સ્વરૂપે બધાની

સામે આવ્યા છે. આ જીવનચર્યા દ્વારા એ બધાને બતાવવામાં આવ્યું છે કે આ આદર્શ બીજાઓ માટે પણ અનુકરણીય છે. આ માર્ગ ઉપર ચાલવું સરળ પણ છે અને સુખદ પણ. પથ-ભ્રષ્ટ થવામાં ન આવે તો આ રસ્તો વધારે સુખપ્રદ છે અને પ્રેરણાપ્રદ છે. આધ્યાત્મિક જીવનને હંમેશાં કઠિન માનવામાં આવ્યું છે પણ આ જીવન સાધના દ્વારા એ સિદ્ધ કરવામાં આવી રહ્યું કે આ બધાને માટે સુલભ અને સુખદ છે અને સાથોસાથ નીતિ-સમ્મત પણ.

છેલ્લા દિવસોમાં દૃશ્ય શરીરથી પરોક્ષ સત્તાના માર્ગદર્શનમાં જે કર્મો થયા તે બધાની સામે છે. સાધના દ્વારા આત્મ પરિમાર્જન, યુગ સાહિત્યનું સર્જન, લાખોનું સંગઠન, સમર્થ સહાયકોનો વિકાસ, લોક સેવકોનું નિર્માણ, યુગ સંધિનો શિલાન્યાસ, વિચારક્રાંતિનું સૂત્ર સંચાલન જેવા કેટલાય વિવિધ કાર્યો લોકોએ પોતાની જ આંખોએ જોયા છે. આ બધું શરીર દ્વારા થયેલ પ્રવૃત્તિઓનો ટૂંકમાં પરિચય છે, જેની જાણકારી પરિજનોને નથી જે સમય જતાં બધાને જ ખબર પડી જશે. તેને એ કારણે અજાણ રાખવામાં આવ્યા છે કે લોકોને પાછળ શોધવા માટે પણ કોઈ વસ્તુ રાખવી જોઈએને.

હવે જીવનનો બીજો અધ્યાય શરૂ થાય છે. હવે આમાં જે થવાનું છે તેને વધારે મહત્ત્વપૂર્ણ મૂલ્યવાન માની શકાય છે. સ્થૂલ સિવાય સૂક્ષ્મ તેમ જ કારણ શરીરનું અસ્તિત્વ અધ્યાત્મ વૈજ્ઞાનિકો બતાવતા રહ્યા છે. તેને સ્થૂળ શરીરની સરખામણીમાં અસંખ્યગણું વધારે શક્તિશાળી કહેવામાં આવ્યું છે. તેનો પ્રયોગ હવે એક સદી સુધી કરવાનો છે. આ ક્રમ સને ૧૯૯૦ના વસંત પર્વથી શરૂ થવા જઈ રહ્યું છે. અહીંથી લઈને સને ૨૦૦૦ સુધીના દસ વર્ષ યુગ સંધિનો સમય છે. પરિજન જોશે કે આ અવધિમાં જે પ્રવૃત્તિઓ ચાલશે, તેનું કેન્દ્ર શાંતિકુંજ હરિદ્વાર હશે.

યુગ ચેતનાનો વિસ્તાર અત્યારના દિવસોમાં થઈ રહ્યો છે. ભારતના ખૂણે-ખૂણામાં અને વિદેશોમાં વસતા મૂળ ભારતીય વિશિષ્ટ

જનોના માધ્યમે યુગ સંધિનું સ્વરૂપ મોટું બની જશે. આને માટે જે આધ્યાત્મિક સાધનાની, રચનાત્મક પ્રવૃત્તિઓની જરૂર પડશે તેનો વિકાસ પણ અત્યારના દિવસોમાં થતો રહેશે. આ કામ સૂક્ષ્મ શરીર દ્વારા પૂર્ણ થશે. સ્થૂળ શરીર તો આના પહેલાં જ સાથ છોડી દેશે. કારણ સ્પષ્ટ છે. સ્થૂળ શરીરની વ્યવસ્થામાં લાખો રૂપિયા ખર્ચ થાય છે, જ્યારે સૂક્ષ્મ શરીર કોઈપણ પ્રકારની જંજટ વગર વ્યાપક ક્ષેત્રમાં પોતાનું કામ ઝડપથી કરતું કરાવતું રહી શકે છે.

કારણ શરીરની મોટી શક્તિ છે. તેનું કાર્યક્ષેત્ર પણ મોટું છે. અદૃશ્ય જગતમાં જે થવાં જઈ રહ્યું છે તેમાં ડખલગીરી કરવાની શક્તિ પણ કારણ શરીરમાં હોય છે. એકવીસમી સદીમાં કેટલાય અનર્થો સાથે લડવાની જરૂર પડશે અને આવા કેટલાય પ્રયત્નો કરવા પડશે જે ન તો સ્થૂળ શરીર દ્વારા થઈ શકે છે અને ન તો તેને સૂક્ષ્મ શરીર કરી શકે છે. બ્રહ્મ ચેતના સાથે જોડાઈ દિવ્ય કારણ શરીર જ તે બધા કાર્યોનું સંચાલન કરે છે તેને લગભગ અદ્‌ભૂત તેમજ અલૌકિક કહી શકાય છે.

યુગ પરિવર્તનની આ વેળાએ આ મહાન કાર્ય માટે જે સુવિધાઓ સામે આવશે તેનો ઉદ્‌ભવ અદૃશ્ય જગતથી થશે. અદૃશ્યથી જ દૃશ્ય પ્રવૃત્તિઓ પ્રકટ થશે. જે કંઈ કરવામાં આવે છે તે બ્રહ્મ ચેતના સાથે જોડાયેલ, કારણ શરીર જ મેળવશે. એકવીસમી સદીમાં આવા જ પરિવર્તનો થશે પણ એવું નહીં લાગે કે આ કેવી રીતે થઈ રહ્યું છે અને કોણ કરી રહ્યું છે ? છતાં પણ છેલ્લા બે હજાર વર્ષોની ગરબડો પણ પોતાની ચરમ સીમાએ પહોંચી હશે. તેના સુધારાની પ્રવૃત્તિઓ પણ પોતાની ચરમ સીમાએ પહોંચી હશે. આને સામાન્ય સાધનો અને સામાન્ય પ્રયત્નો દ્વારા નથી કરી શકાતું. તેને માટે વિશિષ્ટ પ્રયત્નો અનિવાર્ય છે. એ જ કારણ છે કે સૂત્ર સંચાલકે પ્રત્યક્ષ હળવા-મળવાના ક્રમને બંધ કરી કારણ શરીરમાં વ્યાપ્ત સત્તા દ્વારા તે બધું મેળવી લેવાનો નિશ્ચય આ વસંત પર્વથી કરી લીધો છે. વૈજ્ઞાનિકો કે દાર્શનિકો જ્યારે કોઈ વિશેષ મહત્ત્વપૂર્ણ બૌદ્ધિક કામ કરે છે તો તેમના સ્થૂળ

સંપર્કને સમેટી લે છે. ચેતના સ્તર ઉપર કરવામાં આવતા મહત્ત્વપૂર્ણ કામો માટે સ્થૂળ સંપર્ક સમેટી લેવાની ઘણી જ જરૂરીયાત ઊભી થાય છે. એટલા માટે આવો નિશ્ચય કરવાની ફરજ પડી છે.

## યુગના (અવતરણની) જન્મની પ્રક્રિયા

જેનો ઘમંડ કૂવામાંના દેડકા કે ગૂલેરના ફળને ખાનાર જેવો હોય તેને માટે પોતાનો સ્વાર્થ, વિલાસ અને અહંકાર જ બધું છે, સમજવું જોઈએ કે ફક્ત તેની શરીર રચના જ મનુષ્ય જેવી છે. પેટ અને પ્રજનનો નિર્વાહ તો દરેક કીડા-કીટાણુંઓને આવડે છે. તે સીમામાં જે બંધાયેલા છે તેને મનુષ્યના નામે ભલે ઓળખવામાં આવતા હોય પણ તે છે ખરેખર કીડા-કીટાણું કે નરપશુ જેવો જ. જ્યારે કોઈવાર આવા લોકોનું પ્રમાણ વધારે હોય છે ત્યારે સમજવું જોઈએ કે નરકનું સામ્રાજ્ય છવાઈ ગયું. કળીયુગ આવી ગયો.

અત્યારના દિવસોમાં સુવિધાઓ સાધનોની ઉણપ નથી, પણ મનુષ્યના શરીરમાં રહેવાવાળી ચેતનાનું સ્તર નકામું બની ગયું છે. આવું જ્યારે પણ થશે ત્યારે સમજવું પડશે કે વ્યક્તિ અને સમાજ ઉપર સંકટ તેમજ પતનનો સમય ચઢી આવવાનો છે. અત્યારના દિવસોમાં જે અગણિત સમસ્યાઓ દરેક ક્ષેત્રમાં જોવા મળે છે તેનું એક જ કારણ છે કે મનુષ્યના શરીર ઉપર સ્મશાનના ભૂતે પોતાનું આધિપત્ય જમાવી લીધું છે. તેણે મર્યાદાઓનું ઉલ્લંઘન અને ખરાબ પ્રવૃત્તિઓના અભ્યાસની શરૂઆત કરી નાંખી છે. વર્તમાન પરિસ્થિતિઓમાં હીનતા-ગરીબીનું એક જ કારણ છે. - આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ પણ છીએ.

વર્તમાન પરિસ્થિતિઓનું વિશ્લેષણ એક જ વાક્યમાં કરવામાં આવે તો કહી શકાય કે એક મોટો ભાગ ભ્રષ્ટ-ચિંતન અને દુષ્ટ-આચરણને અપનાવવાનો અભ્યાસી બની ગયો છે. તેને તેમાં જ પોતાનો સ્વાર્થ સધાતો જોવા મળે છે. જેમાં વાસના અને તૃષ્ણાની પૂર્તિના સાધન બનતા દેખાય છે, તે તરફ તો ધ્યાન જ નથી જતું જેના માટે આ

સુંદર-દુર્લભ શરીર મળ્યું છે. આ છે તે અવળી ચાલ જેને અપનાવીને લોકો સ્વયં ભ્રમિત થઈને કષ્ટ ભોગવે છે અને બીજાને પાડવાનું પાપ પોતાના માથે લે છે. આ પ્રક્રિયા જ્યાં સુધી ચાલતી રહેશે ત્યાં સુધી તો દુર્ગતિને ભોગવવી જ પડશે.

સમય બદલાઈ રહ્યો છે. રાત્રીની વિદાય અને સૂર્યનો ઉદય થઈ રહ્યો છે. તેનું નિમિત્ત કારણ એક જ બનવા જઈ રહ્યું છે કે લોકો પોતાને બદલશે. સ્વભાવમાં પરિવર્તન કરશે. પડવા અને પાડવાની જગ્યાએ ઊભા થવા - ઊભા કરવાની પદ્ધતિ અપનાવશે અને પતનની જગ્યાએ ઉત્થાનનો રસ્તો પકડશે. આ નવયુગ છે, આ સતયુગ છે જે હવે નજીકને નજીક આવી રહ્યો છે.

ભગવાન પોતાનું કામ કોઈ મહામાનવો, દેવદૂતો દ્વારા કરાવતા રહ્યા છે. અત્યારના સમયે પણ આવું જ થઈ રહ્યું છે. મનુષ્ય શરીરમાં પ્રતિભાશાળી દેવદૂતો પ્રકટ થવા જઈ રહ્યા છે. તેની ઓળખ એક જ હશે કે પોતાના સમયનો મોટા ભાગનો સમય પ્રભુની પ્રેરણા માટે લગાવશે. શરીર કંઈને કંઈ સાધન ઉત્પન્ન કરે છે. નરપશુ તેને જાતે જ ખર્ચે છે, પણ દેવ માનવોની પ્રકૃતિ એ હોય છે કે પોતાના ઉત્પાદનમાંથી થોડો ભાગ પોતાના માટે ખર્ચે અને બાકીનો મોટો ભાગ પરમાર્થ પ્રયોજનો માટે લગાવે. નવયુગનું મુખ્ય સ્વરૂપ છે - લોકમાનસમાં પરિવર્તન. આ આપણા સમયની મુખ્ય સાધના, પૂણ્ય-પરમાર્થ અને ધર્મ ધારણા છે. તેના માટે જે જેટલો સમય અને સાધન લગાવતા જોવા મળે, સમજવું જોઈએ કે ભગવાન તે માધ્યમે પોતાનો ભરપૂર પુરુષાર્થ પૂરો કરી રહ્યા છે.

નવયુગનું આગમન-જન્મ નજદીક છે. તેને સર્જનહાર કોના દ્વારા પૂરો કરવા જઈ રહ્યા છે, તે જાણવું હોય તો સમજવું જોઈએ કે યુગના જન્મનો શ્રેય તેને ભેટ સ્વરૂપે ભગવાન આપી રહ્યા છે જે તેના કામમાં લાગેલા છે. એવા લોકોને જ ભાગ્યશાળી અને સાચા ભગવદ્ ભક્ત સમજવા જોઈએ.


મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.